વાનવાનખરા

અથવા

જોબનકી બહાર.



નવા નવા નખરા

અથવા

જોબનકી બહાર.

મુંબઈની મોજ—

પૈસાદારને પોસાય એવી મોજ મુંબઈની
અમને ભારી પડી જાય એવી મોજ મુંબઈની
(અરે, પણ એનું કંઈ કારણ).... ... .
ઉંચા ઉંચા માળીયાની સીડીઓ ચચ્ચારતે
ચઢતાં—ચરણો થાકી જાય—એવી મોજ મુંબઈની
ઓ વ્હાલી જરા સાંભળ.... ....
સ્વર્ગ જેવી સીડીઓને માયાના એ માળીયાં
એના—મોહ ન મુકાય એવી મોજ મુંબઈની
ખાવાનું ખવાયના કામ કશું થાયના
અમને—પાણી લાગી જાય એવી મોજ મુંબઈની
આંક લાગી જાય તો પૈસા કેરાં ઝાડવાં
એ આંક શું ? એ આંક ફરક .. છે.
હું પણ રમ્યો છું પંજો માટે ચાલ મ.. વંજો

(અરે એના ઉપરજ મુંબઈવાળા મોજ કરે છે.)
આફ લાગી જાય તો પૈસા કેરાં ઝાડવાં
નજરે ત્યાં દેખાય એવી મોજ—
પૈસા કેરા ઝાડવાં લુંટવા ના લોભે

(ચંદન હાર)

ઝટ જાઓ ચંદન હાર લાવો ઘુંઘટ નહી ખોલું હું
મને લાગ્યો એ હારનો નેડલો તમથી નહી બોલું હું.
મોંઘી તારી માગણી મોંઘાં તારાં મુલ
મોંઘી તારી પ્રીતડી મેં કરતાં કીધી ભુલરે ઘુંઘટ ઝટ ખોલોને
મોહન મેં તો ગાગાચો મોંઘો ચંદન હાર
લાઓ હાર પછી પીયું તમે લુટો જોબનની બ્હારરે
ઘુંઘટ પછી ખોલું હું
રામે મૃગને મારીયો કનક કંચુકી કાજ
હું મારૂં કોઇ સોનીને આ નથી નવાબી રાજરે ઘુંઘટ ઝટ ખોલોને
અળગા રો અલબેલડા કરગરતા શું કામ
હાર મંગાવો ત્યાં સુધી તમે લેશો ન મારૂં નામ ઘુંઘટ નહી ખોલુહું
ચંદનહાર ચકટે મળે અને હોય ખીસામાં દામ
સોની નાથાભાઇ તો ગયા ભાવનગર ગામરે ઘુંઘટ ઝટ ખોલોને
સુંદર વદન શરમાયરે તમથી નહી બોલું હું
મદમાતી મોરલો હું સોરઠની ઢેલ
પરણ્યા હોતો તારને નહીંતો પીયર વળાવી મેલરે ઘુંઘટ નહી ખોલુહું

જુનાગઢની સુંદરી અને પન્ના મારૂં નામ
ભાંગવાડી ભેગી થઈ જોવા આવ્યુ મુંબઇ ગામરે-ઘુંઘટ ઝટ ખોલોને
હાર ન જોઇએ હેમના ન જોઇએ રેશમ ચીર
ચંદન લાવો તમે મારી સગી નણંદના વીર ઘુંઘટ નહી ખોલુ હું

(ભમરીઆ કુવાને કાંઠડે)

ભારી બેડા ને હું નાજુકડી નાર,
કેમ કરી પાણીડાં ભરાય ભમરીયાને કુવાને કાંઠડે—ભારી.
ગોરી નીચી ઉંચા કાંઠડા હો રાજ,
ચઢતાં કમર લચકાયરે, ભમરીયા કુવાને કાંઠડે—ભારી.
સરકે સાલુડા નીર સીંચતા હો રાજ,
કોઇની નજર લાગી જાયરે, ભમરીયા કુવાને કાંઠડે—ભારી.
સોના રૂપાનું મારૂં બેડલું હો રાજ,
ઈંઢાણી રતન જડાઇ રે, ભમરીયા કુવાને કાંઠડે—ભારી.
પગમાં ઝાંઝર આવે વાગતાં હો રાજ,
હાડે ટહુકે છે ઝીણા મોરરે ભમરીયા કુવાને કાંઠડે—ભારી.
વાંકે અંબોડે આવે ઝુલતી હો રાજ,
અંબોડે ટહુકે ઝીણા મોરરે ભમરીયા કુવાને કાંઠડે—ભારી.
હાથે ચુડી છે હેમની હો રાજ,
ઝાંજરની ઝણકાર રે ભમરીયા કુવાને કાંઠડે—ભારી.
પાણી પાણી થઇ રહી એવાં પાણી ભરવાને કાજ રસીલી ના જતી
સ્ત્રીના સુખના કારણે, પુરૂષ થાય કુરબાન—ભારી.

તે પાણી ભરવા મહિં આવું શું નુકશાન,
એવી લોકોમાં મશ્કરી થાયરે ભમરીયા કુવાને કાંઠડે—ભારી.

સિરાજુદ્દૌલા ઘાયલના ઘા (રીસામણા)

સખી કાંટો વાગ્યોરે મારે કાળજે ઘડીમાં જીવડો ઉડી જાયરે.
... ... સખી ઘાયલના ઘા મને સાંભરે
પહેલે આણે હું આવી સાસરે, પેલી પ્રીતમાં પીયુડો
... ... મારો રીસાયરે—સખી કાંટો.
વીત્યો વસંત વાતવાતમાં, તોય અમારાં રીસામણાં રોજ
... ...રાતે વધતા જાયરે—સખી કાંટો.
ચઢતર વઈશાખ લાગે દોહીલા. એક તો અમે બળ્યા જળ્યા
... .એમાં વાયરા ઉનારે વાયરે—સખી કાંટો
બચપણ સારૂ હતું તે સાંભરે, મુઇ જુવાની ને બળ્યાં લ્હાવ
....આ હઈયામાં કેમ ખમાયરે—સખી કાંટો.
અવતાર લીધો મૃત્યુલોકમા, વિધાતા વેરણ થઈ
પરણ્યો ગયો છે જેની દસણે, મારે પુર્વ જનમના પાપ—સખી
સોળ વરસની હું સુંદરી મારૂં જોબન ચાલ્યું જાય
નિદ્રા ન આવે સારી સેજમાં પીયુ વીના મનડું મુંજાય—સખી
નણંદ જેને મેણાં બોલશે, અરેરે મારે સાસરીયે સંતાપ
બાળપણ હતી પ્રીતડી, અમને મેલી ગયા પરદેશ.
રંગે રૂપાળા મારા કંથજી, પીયુ પીયુ કરતી સારી રેન
પરણ્યો મારો વેલો હનો કદી કરતો મારાંકેણ સખી ઘાયલનાઘાં

આ. અશરફખાન –   ——   (પ્રથમ નિશાન).

આવે દિન પડતી તણાં એના પ્રથમ નિશાન
સાથ જાય સજ્જન તણો અને વધે અભીમાન
સુઝે ન કામ સારાં જ્યારે દિવસ પડે છે
શાણા જનોની સોબત સૌથી પ્રથમ ટળે છે
અવળા ઉપાય સુઝે અવળાં કરે છે કૃત્યો
કુમાર્ગે દોરનારા દુર્જન બહુ મળે છે
દ્રષ્ટિ છતાં ન દેખે સૌને એ તુચ્છ લેખે
રોકે છે અંતરાત્મા તોયે ન સાંભળે છે

સંસાર સાગર—   ———   (પ્રેમની મોટર)

ઘરને સંભાળી રાખતાં, વાડી જતી રહી
લટકાળી લોભાવતાં લાડી જતી રહી
સીધી સડક જાતો હતો, ત્યાં થાંભલો નડ્યો
મોટર અમારા પ્રેમની, આડી જતી રહી
જાવું હતું દાદર ઉપર, પણ ભાન ના રહ્યું
એ મોહમાં માહીમની ખાડી જતી રહી.

રા. મણુલાલ દ. કૃત   ——   (થોડું તે મીઠું)

થોડું તે મીઠું એ કહેવત છે માટે ઝાઝું કહેવામાં માલ નથી
થાય બહુ તે થોડાને માટે એમાં શંકાનો કોઇ સવાલ નથી
ઝાઝો ડાહ્યો તે નર મુર્ખ મનાતો ઝાઝો ખર્ચાળ ઉડાઉ ગણાતો

આઝો ચતુર તે ભીંત ભુલે એમાં ખોટો જરાએ ખ્યાલ નથી
... ... એમાં શંકાનો કોઇ સવાલ નથી.
આઝો પ્રેમી તે ગણાય દીવાનો ખૂબ ખાનાર બીમાર સદાનો
આઝુ તાણે તુટી જાય એ કોઇની જોડું કહેવાની મજાલ નથી
વહાલ બહુ ત્યાં વિયોગ નડે છે આઝો ચઢે તે જરૂર પડે છે
આઝો પરિચય ઝેર કરે માન આજ હશે તે કાલ નથી
... ... એમાં શંકાને કોઇ સવાલ નથી.
આઝુ સ્વરૂપ તે શત્રુ બનાવે આઝા છોરૂ એ તો કુળ લજાવે
આઝે વ્યવહારે હોય દીવાળુ આઝા મુકયામાં માલ નથી
... . એમાં શંકાનો કોઇ સવાલ નથી

માલવપતિ (એક સરખા દિવસ)

એક સરખા દિવસ સુખના કોઇના જાતા નથી;
એથીજ શાણા સાહ્યબીથી લેશ ફુલાતા નથી;—
ભાગ્ય રૂઠે કે રીઝે એની તમા તેને નથી;
એજ શુરા જે મુશીબત જોઇ મુંઝાતા નથી;—
ખીલે તે કરમાય છે, સરજાય તે લોપાય છે;
જે જે ચડે તે તે પડે એ નીયમ પલટાયા નથી;—

લક્ષ્મીનગર ગરબા પાર્ટી (પગના ઝાંઝર)

મથુરામાં ખેલ ખેલી આવ્યા હો કાન કયાં રમી આવ્યા
પગના ઝાંઝર કયાં મુકી આવ્યા સાંકળા કોના ચોરી લાવ્યા—હો કાન

તમારો મુગટ ક્યાં મુકી આવ્યા વેણી કોની ચોરી લાવ્યા
તમારૂં પીતામ્બર ક્યાં મુકી આવ્યા
સાડી કોની ચોરી લાવ્યા—હો.

કાનનાં કુંડળ ક્યાં મુકી આવ્યા બુટ્ટી કોની ચોરી લાવ્યા
તમારૂં હૈયું ક્યાં મુકી આવ્યા સુધ બુધ કોની ચોરી આવ્યા
મથુરામાં ખેલ ખેલી આવ્યા ઓ કાન ક્યાં રંગી આવ્યા.

ચીમનલાલ (મરનાર પાછા ન મળે)

જાનાર તો જાના રહ્યા સદગુણ એના સાંભરે—સદગુણ.
લાખો લુંટાવો તોએ મરનાર પાછા ન મળે—મરનાર.
મરનાર અગ્નિમાં બળે જીવતા અગ્નિ વીણ જળે
રોયા કરે તે શું વળે મરનાર પાછા ન મળે—મરનાર.
વૈભવ મળે કીર્તી મળે લક્ષ્મી ગયેલી સાંપડે
એ સૌ મળે આ જગતમાં પણ મરનાર પાછા ના મળે
વૈદો હકીમો ડાક્ટરો વિજ્ઞાનીઓ મોટા ભલે
ક્ષણ એક જીવન ના મળે મરનાર પાછા ન મળે
રોનાર કો રોશો ના બાપુ કાયદો કીરતારનો
જોનાર સહુ જોતાં રહે મરનાર પાછા ના મળે-

મી. અસરફખાન— (સ્વારથી માનવ)

સુખમાં નહી યાદ આવે, પરમેશ્વર સંકટમાં શી રીતે બચાવે
માનવ છે સ્વારથી સ્વભાવે, પરમેશ્વર ક્યાંથી ઉદ્ધારવા આવે

સ્વારથમય માનવની સ્વારથની ભાવના, સૃષ્ટિ રચનારમાં શમાવે
મળશે ધન માલ તો કરશું કથા કહી, ઇશ્વરને લાંચીયો બનાવે-
અમથા નાસ્તીક થઇ કહેશે ગુમાનથી, જગમાં જગદીશ્વર કયાં છે
(પણ) અંતકાળ આવેને દુઃખ ન ખમાય ત્યારે'ઓ' નાથ કહીને બોલાવે
ઇશ્વર મહાન એ પામર માનવના કૃત્યો હસીને જુવે છે,
એની કૃપા જો અપાર નવ હોય તં, પૃથ્વીનો પ્રલયકાળ આવે

સંસાર સાગર— (નાજુક તબીયતવાળી)

હું તો નાજુક તબીયત વાળી મારી તબીયતને સાચવજો
મારા મિજાજને સંભાળી, મારી તબીયતને સાચવજો
મમ્માની માનીતી હું છું, પપ્પાને બહુ પ્યારી
વાત કરે કોઇ ગુસ્સે થઇ તો ધડકે છાતી મારી
ઉઠી સવારે આઠ વાગતાં તરત જ ચા પીનારી
લેટ થાય જો મીનીટ એક તો, તબીયત જાશે મારી.

રા. પ્રભુલાલ હ. કૃત —— (જગમાં કેમ ફાવવું ?)

જગમાં ફાવી કેમ જવું એ રીત કહું. લે સમજી લે.
સોને વ્હાલા કેમ થાવું એ રીત સમજી લે...સમજી લે
સૌથી પહેલી જબાન મીઠી વાણી સાકર સમાન મીઠી
કાન ઉઘાડા આંખો નીચી સાચું કહેવું અમૃત સીંચી
મીઠા થઇને સાધી લેવું રીત કહું તે સમજી લે

જેની સેવા કરતા હમએ તેને આગુઅગતું નવ કહીએ
કહે બીલાડે હાથી માર્યો, તો પણ શું જીહા કહી દઇએ.
પૈસાવાળા તો થઇએ ભાઇ નિશ્ચાંત કહું તે સમજીલે

(બે ઘડીની શોભા.)

ચાર દિનની ચંદ્રિકાનો આ બધો આનંદ છે,
પણ પાંચમે દિને બધાંની આંખ જો જો બંધ છે.
માટેજ કહું અત્યારથી નહી આંખ જે જે ખોલશે,
જીવન-જહાજો તે બધાનાં ભર સમુદ્રે ડોલશે.
આંધા ઉપેરી રંગમાં અંજાઇ હમણાં ભૂલશે,
પણ યાદ રાખો એક દિને આંખો બધાની ખૂલશે.

(પલટાતો સમય !)

હંમેશ રાખો યાદ કે: સરખો સમય જાતો નથી,
આ વિશ્વમાંહી એક સરખો વાયુ પણ વાતો નથી.
એ કામની ને કર્મની સરખી ગતિ રહેતી નથી,
સદ્ભાગ્યની સરિતા સદાયે સાનુકૂળ વહેતી નથી.
પલટે મતિ પલટે ગતિ કોઇ અચળ રહેતું નથી,
નિર્ખો નદીનું નીર પણ એકજ દિશે વ્હેતું નથી.
જુઓ રવિ ને સોમ પણ નવ-સ્થાન નિત્યે ઠેરવે,
દિન એકમાં દેવી વિધાતા લાખ ફેરા ફેરવે!

(ઇશ્વરી ઇન્સાફ !)

સહુ પાપ-પૂણ્યો રીતસર આ ત્રાજવે તોળાય છે,
નિષ્પાપને ન્યાયના વારિ અહિં ઢોળાય છે.
જેવું કરો તેવું ભરો જે વાવશો તે પામશો,
બાવળ તણા વૃક્ષે કદી ના આમ્રફળ સોહાવશો.
માફી કદાપી મેળવે બીજે અહીં નહિ માફ છે,
રાજા અગર હો રંક એકજ સર્વનો ઇન્સાફ છે.
પરમેશ્વર એ કંઇ પક્ષ પૈસાદારનો કરતો નથી,
શ્રીમંત કે કંગાલ માટે ન્યાય કંઈ ફરતો નથી.

(સાદાઇ અને ગરીબાઇ)

સાદાઈમાં જે સુખ છે તે શોખમાં છાંટો નથી,
સંતોષી જીવન-પુષ્પમાં અભિમાનનો કાંટો નથી.
સાદાઇને સંતોષ સમ મીઠાશ બીજામાં નથી,
જેવી ગરીબીમાં મઝા' તેવી અમીરીમાં નથી.

—: શા ખપનો :—

ન કર્મે સુખ કે સંતોષ તો સંસાર શા ખપનો
વસે જ્યાં વાસના બુરી પછી ઇતબાર શા ખપનો
પડી બુલબુલ બગીચામાં બની તે મસ્ત ગુલના પ્યારમાં
ખીલ્યાં ઉડી રડે ફૂલો પછી ગુલજાર શા ખપનો
ભલે થઇ લાખનો માલીક ન ખરચે તોય કોડી એક
ન ખાય કે ન ખાવા દે ભલો જરદાર શા ખપનો

ધન્ય સતીની ટેક જગતમાં, પુન્ય પ્રભાવે ભરી,
પુન્ય પ્રભાવે ભરી અનુપમ ખરી પરમ એ પુનીત
ભાવથી ભરી.
ગંગાજળથી નીર્મળ જેનું સરળ સુકોમળ ચીત.
પતી વચનને ગણી ગીતા સમાન ગાય અહનીંત ગીત;
સુનીતી જેની છે સહચરી ખચીત ખરી-પુન્ય.
અગમ નીગમના ભેદથી જેની ગહન અતીશય ભરી,
ચંચળ થઇને જરા ચુકતા પલમાં થાય પતીત,
રહ્યાં છે સકળ શાસ્ત્ર ઉચરી ખંચીત ખરી-પુન્ય.

સર્વ શોભાતે શ્રૃષ્ટી પર લાવે જે વીર
ભારતના સાચા શુરવીર.
ટેક કાજ પ્રાણ જે અર્પે સુભાગી
ભાસે સંસારી પણ અંતરના ત્યાગી
દેશ કાજ જે સમર્પે જીવન ને શરીર-ભારતના.
ધન્ય ધન્ય એવા નરોની જનેતા,
જેની કુખે જન્મ વિરવર લેતા,
દેશ પ્રેમને શીખીને શીખાવે નરવીર-ભારતના.

ઘરમાં આનંદ નહિ આવે મારા સાહેબને
ઘરમાં આંનંદ નહિ આવે

પહોર દી ચઢત પધારે બહાર તે
મધરાતે મુખડું બતાવે—મારા૦
ઘરના તે ખાનપાન રૂચે નહિ ને
પારકાની વેઠ બહુ ઉઠાવે—મારા૦
ઘરના તે ખાનપાન રૂચે નહિ ને
હોટેલના ભજીયા ભાવે—મારા૦

પુરૂષ—એમાં તારો વાંક. તારામાં કોઈ જાતની આવડત છેજ કયાં ?

સ્ત્રી— પોતાની ખામીઓ દેખે નહિ અને
બીજાની ખામીઓ બતાવે
ઘરની ગંગા તજીને ખરા ખાબોચિયાના
પાણીમાં મન લલચાવે—મારા૦

સ્ત્રી— ઘરમાં આનંદ નહિ આવે મારા સાહેબને
ઘરમાં આનંદ નહિ આવે

પુરૂષ— અરે પણ અમારા વર્તન પર ટીકા કરનાર તું કોણ ?

સ્ત્રી— બીજા પર બળજોર ચાલે નહિ ત્યારે
બૈરી પર રોફ બહુ બતાવે
કહીએ ઉપદેશના બે શબ્દો જો આપણે
સામી ગાળો સંભળાવે—મારા૦

સાકી

પુરૂષ– હોય ગમે તેવો છતાં પ્રભુ સમો ભરથાર
અને કંઇ કહેવા તણો સ્ત્રીનો શું અધિકાર ?

સ્ત્રી– પતિના પ્રભુ થવા ફાંફાં રાખે
અને પ્રભુના લેશ ન બતાવે
આવા ભરથારને માની પરમેશ્વર
હિન્દની નારીઓ નિભાવે
મારા સાહેબને ઘરમાં આનંદ નહિ આવે

અનોખા પથ અમા।
વખાણ નિન્દા અમને સરખાં ફુલ હો કે અંગાર
અમે ન કોઇને સાચી વાતો અમે સત્ય કહેનાર
એથી કોઇને પ્રિય ન લાગીએ સૌને અમે ખાર — અનોખા
પ્રેમ પંથના અમે પ્રવાસી વિશ્વ પ્રેમ કરનારા,
જગમાં રહીએ છતાં નિરંતર જગથી ન્યારા ન્યારા-અનોખાં
જ્યાં દુર્જનની નજરે પડે ત્યાં ચીનગારી ધરનારા
ધન યૌવનના પ્રેમ નથી મને રંક જનોના પ્યારા– અનોખા

કોઇ સ્નેહીના સ્નેહથી લુટાયારે એની હોય ના ફરિયાદ
કોઇ દિલબરના દિલથી દુભાયારે—એની

પુષ્પમાં પુરાતા ને મધુકર રીબાતા,
કદી નથી એ તો છે સુખના આસ્વાદ—એની
પ્રેમી થયા જે પૂર્ણ તે દુનિયાના ન રહ્યા,
કોઇએ ઉઠાવ્યા પહાડને કોઇ દગ્ધ થઇ ગયા
દુનિયા ભલેને અંધ કહે અમને છતાં
પ્રેમની સૃષ્ટિ મહીં એ અમર થઇ ગયાં—એની
કષ્ટ સહ્યાં લાખો ને અમર એની યાદ—એની

નૈના લડાકે મૈ મર ગઇ હો—નૈના લડાકે........
હિરદે મેં બરછી ઉતર ગઇ હો—નૈના......
મોસે લડાકે સય્યાં નજરિયા, લેતે નહીં અબ મોરી ખબરિયા
કાહે મૈં ચિત્તસે ઉતર ગઇ હો—નૈના લડાકે
આઓ પિયા મોહે દરસ દિખાદો, મનકી લગી મોરી આકે
બુઝાદો
બિરહા કી આગમે જલ ગઇ હો—નૈના........
પીયાસે મિલાદો મોરે ગુય્યાં, કબ સે કરૂં મૈં સય્યાં સય્યાં
વાલી ઉમરિવા ગુજર ગઇ હો—નૈના

જપો રે રામ નામ સુખદાઇ
રામ નામ કે દો અક્ષર મેં સબ સુખ શાન્તિ સમાઇ
રામ ચરણુ કે સુમરન સે નર, ભવ સાગર તિર જાઇ

નામ સુતે હી તેરા ભકત જન, સિંધુ સાદન કસાઇ
રામ નામ કે કારન બન ગઇ પાગલ મીરાં બાઇ
પતિ છોડા પરિવાર ભી, છોડા ઇસ નામકી મહિમા લગાઇ
જપોરે રામ નામ...........

રંગમાં કપડાં બોલ્યા રંગીલી, તારા નેણુંનો મને રંગ લાગ્યો
વેરે તો બેજોડ વેરજે રંગીલા, તારા નેણુંનો મને રંગ
લાગ્યો—
તું એકવાર ઘોઘા શહેર જાજે, ઘોઘાના ઘોડલા લઈ આવજે
મને વહાલી કહીને તું બોલાવજે, તારા નેણુંનો મને રંગ
લાગ્યો—
તું એકવાર ચીતલ શહેર જાજે, ચીતલની ચુંદડી વોરી લાવજે
મને વહાલી કહીને તુ બોલાવજે, તારાં નેણાંનો મને રંગ
લાગ્યો—
તું એકવાર અમદાવાદ શહેર જાજે, ત્યાં એચ. બ્હી. જોશીની
દુકાને જાજે
એનો કૃષ્ણ છાપ કાથો ને તાંબુલ પાવડર, એના પાન બીડાંનો
મને રંગ લાગ્યો—

રંગમાં કાપડાં બોલ્યાં રંગીલી, તારા નેણુંનો મને રંગ
લાગ્યો—

વોરે તો બે જોડ વોરજે રંગીલા, તારા નેણુંનો મને રંગ
લાગ્યો—
તું એક વાર રાજકોટ શહેર જાજે, ત્યાંથી ચત્રભુજ ભીમની
મીઠાઇ લાવજે
વળી દુર્ગાં પ્રસાદને મળજે રસીલા, એની ગેલરોલ્ટ નડીને
મને રંગ લાગ્યો—
તું એકવાર જામનગર જાજે, હોઠ કહો મશુકરામને તું
મળજે
ત્યાંથી ચક્કનના લાડુ લાવજે રસીલા તારાં નેણુંનો મને
રંગ લાગ્યો—
તું એક વાર અમદાવાદ શહેર જાજે, ત્યાં લક્ષ્મી આર્ટ
સ્ટુડીઓમાં જાજે
તારી સુંદર છબી ત્યાં પડાવી લાવજે રસીલા, તારા નેણુંનો
મને રંગ લાગ્યો—
તું એકવાર ભાવનગર જાજે, ત્યાં ડીંગ ડાંગને તું મળજે
વળી બાજુની બંગડી લાવજે રસીલા તારાં નેણુંનો મને રંગ
લાગ્યો—

જે ભાવ હોય હૈયે દેખાય નયનમાં
આદર અગર અનાદર સમજાય નયનમાં

હૈયાનાં દ્વાર નયનો પ્રીતિના રાગ નયનો
સિંહાસનો પ્રણયનાં કહેવાય નયનમાં
ન્હાનીશી આંખડી એ છે આરસી હૃદયની
પ્રતિબિંબ પ્રાણ કેરાં પરખાય નયનમાં

મહાશ્વેતા કાદમ્બરી—રાગ—ભજન—

રૂપે શું મન રાચ્યોરે, કાયાનો રંગ કાચોરે ભગવાન ભજો (૨)
હાડ માંસ ને રૂધિર ભરેલું મઢ્યું ચામડે અંગ, (૨)
ગંદા દેહનો ગર્વ નકામો, કાયાનો રંગ પતંગ.
ભરૂસો નહીં સાચોરે, કાયાનો રંગ કાચોરે ભગવાન ભજો—

વીર કેશરી રાગ—ગઝલ—કવ્વાલી—

થવાનું ના થવાનું કંઈ; નજુમી કોણ એવો છે;
ન જાણ્યું જાનકી નાથે; સવારે શું થવાનું છે?
હતી શલ્યા રૂપે 'અહલ્યા' જગતમાં વાત જાહેર છે;
ન જાણ્યું જ્ઞાની ગૌતમે સવારે શું થવાનું છે?
હતા કૌરવ અને પાંડવ; જગતમાં મહાભાગી યોદ્ધા,
ન જાણ્યું ભીષ્મ જેવાએ; સ'વારે શું થવાનું છે?
રમ્યા જુગટું સહુ સાથે; વિભુતી સૌ ગયા હારી;
ન જાણ્યું ધર્મ જેવાએ, સ'વારે શું થવાનું છે?

પૃથ્વી પુત્ર

માળ મોતીડાની મોંઘી મંગાવજો,
કંથ કોડીલા કંઠે પહેરાવજો,
ચોળી કુસુંબી રંગે રંગાવજો—માળ

સાડી સુંદર શરીરે સોહાવજો.
હોંશીલા હીરાની બંગડી બનાવજો
કોમળ કર કુંદન ને કંકણે દીપાવજો
હાર હીરા માણેકે મઢાવજો—માળ
નીત્ય મીષ્ટ ભોજનીયાં ભાવે જમાડજો
આછાં આછાં ફુલડાની વેણી ગુંથાવજો
સદ્દન વીજળીની જ્યોને સોહાવજો,
મીઠા જોબનનાં જાંબુ ખવરાવજો—માળ

મરદના ઘાઃ— **રાગ-કવ્વાલી.**

રીસાવામાં રસીકતા શી, રીસાનારા રસિક જાણે,
રંગીલીને મનાવામાં મઝા મીઠી રસિક માણે.
નથી પરવા પ્રિતમની જ્યાં વગર માને મનાવાં ત્યાં,
રસિકને શું, રીસાવું શું-અરે મારી બલા જાણે,
વિયોગી નેત્રથી અશ્રુ, સરી પડતા કપોલો પર,
મઝા એ ચુમવામાં શી, ચુમેલા હોય તે જાણે;

મહાશ્વેતા કાદમ્બરી.

હમારી લાજ તમારે હાથ, ઓ નાથ નિભાવજોરે...હમારી.
'સદગુણ જ્ઞાન સુબુદ્ધિ આપો. સતચિત્ત આનંદ ઉરમાં સ્થાપો.'
અગમ નિગમનો માર્ગ સુગમ બતલાવજોરે... હમારી.
ભક્તિ થકી ભવ બન્ધન તુટે, ડગલે ડગલે આયુષ્ય ખુટે.
શ્રીધર અમ તન મનના તાપ સમાવજોરે....હમારી લાજ.

શ્રી બ્રહ્માનંદ ભજન.—રાગ. ગજલ—

કૃષ્ણ ધર નરકે લાલે સિતારા હો તો એસા હો,
કરે સબ પ્રેમસે દર્શણ દુલારા હો તો એસા હો!

બકાસૂરકો મશલ ડાલા, પુતના જાનસે મારી?
કંચકો કેશસે ખેંચા ખિલારા હો તો એસા હો.

કુદ પાનીકે અંદરસે, નાગકો નાથ કર લાયે,
ચરણ ફેણપે ધર કરકે, નચારા હો તો એસા હો.

તીર જમુનાકે જા કરકે બજાઈ બંશરી મોહન,
ચલી ઘર છોડ બ્રજનારી પિયારા હો તો એસા હો.

રચાઈ રાશ કુંજનમેં, મનોહર રૂપ બન ધરકે,
દેવ દર્શનકો ચલ આયે; દીલારા હો તો એસા હો.

ગયે જબ છોડ ગોકુલકો નહિ ફીર લોટકે આયે,
સખી રોતી રહી બનમેં કીનારા હો તો એસા હો.

પુરી દ્વારાવની જાકર, મહલ સોનેકે બનવાયે.
હજારો રાનિયાં વાંહી, દુસારા હોતો એસા હો.

કુરૂ પાંડવ લડે રનમેં, જીત અર્જુનકી કરવાઈ,
બચાયે લાજ દ્રૌપદીકી સહારા હો તો એસા હો.

ઉતારા ભાર ભુમીકા, સિધારા ધામ અપનેકો,
વો બ્રહ્માનંદ દુનિયાસે, નીયારા હો તો એસા હો.

ભોજા ભગતનો ચાબખો

પ્રાણીયા ભજી લેને કીરતાર, આ તો સ્વપ્નું છે સંસાર
ધન દોલત અને માલ ખજાનો. પુત્ર અને પરીવાર.
તે તો તજી તમે જાશો એકલા. ખાશો જમના મારરે.
—પ્રાણીયા.

ઉંચી મેડી ને અજબ જરૂખા. ગોખ તણો નહી પાર.
જગપતી તો ચાલ્યા ગયા. તેના બાંધ્યાં રહ્યાં છે ઘર બારરે,
—પ્રાણીયા.

ઉપર પુલડાં ફરફરે ને હેઠળ શ્રીફળ ચાર.
ઠીક કરી એને ઠાઠડીમાં ઘાલ્યો. પછી પુઠે પડે પોકારરે,
—પ્રાણીયા.

સેજ તળાઈ વિના સુતો નહી ને. કરતો હુન્નર હજાર.
ખોળી ખોળી તને બાળશે; જેમ લોઢું ગાળે લુહારરે,
—પ્રાણીયા.

શમશાન જઈને ચેહ ખડકી. તે ઉપર કાષ્ટનો ભાર.
અગની મુકીને અળગા રહે, પછી અંગે ઝરે અંગારરે,
—પ્રાણીયા.

સ્નાન કરવા સૌ ચાલીયા, મળી નર સઘળાને નાર.
ભોજો ભગત કહે દો દહાડા રોઈને, વળતી મુકયા વીસારરે,
—પ્રાણીયા.

સોનેરી જાળ.

ગોરી ધીરે ચાલો; ગગરી છલકે ન જાય........ગોરી.
સર પર ઘડી, ઘડે પર ગાગર,
પતલી કમર બલ ખાય ન જાય........ગોરી.
ચોલી તંગ ભઇ ચુનરી સરક ગઇ,
જોબન બાલો કરમાઇ ન જાય........ગોરી.

કીર્તિસ્થંભ (પ્રીતમજીને સંદેશો)

મારે સાસરીયે જઇ કોઇ કહેજો એટલડું,
પ્રીતમજી આણું મોકલે.
મને પીયરીયામાં હવે લાગે એકલડું,
પ્રીતમજી આણું મોકલે.
આંખ મીંચું તો સ્વપ્નાં દેખાય છે.
મારૂં હૈડું ભાન સાન ખોઇ થઇ ગયું ભુલકણું—પ્રીતમજી.
મને મ્હેણાં મારે છે સાહેલડી
ફાલી ફુલી છે જીવનની વેલડી
ઘેલી થઇ છું વીરહે બળે છે કાળજડું—પ્રીતમજી.

ભરથરી ભિક્ષા—પીંગળા અને ભરથરીનો સંવાદ.

* ધીક ચુવા ધીક મુજને. ધીક કામ વિકારજી
જેણેરે ભુલાવી મને સત્યથી, કયો નીચ વિચારજી—
ભેખરે ઉતારો રાજા ભરથરી.

ક્ષમા કરોરે રાજા રંક છું, નારી અજ્ઞાન જાતજી.
અન્ય વખતે એવું નહીં કરૂં, લાજ્યાં માતને તાતજી.
કપટ રૂપીરે રાણી પીંગળા, એ શું બોલો વચનજી,
રાજરે તજ્યું તુજ કારણે, જો વિચારી મનજી.
ભિક્ષા દેને મૈયા પીંગલા....

તુરે ખોટી ને ખોટું રાજ છે, ખોટો સારો સંસારજી,
અલખ જગાવું વન એકલો, જેથી પામું ઉદ્ધારજી-ભિક્ષા.
* રહો તો રાજા રસોઈ કરૂં, જમતા જાઓ સ્વામીનાથજી,
ક્ષીરરે નીપજાવું ક્ષણ એકમાં, જમીએ આપણ સાથજી-ભોગ.
મઢીરે કરાવું રંગ મહેલમાં, રાખું ગુપ્ત અવાસજી.
જેમરે જાણે નહિ જગતમાં, સાંધો જોગ રહી પાસજી-ભેખરે.
* મહેલરે તારાને રાણી શું કરૂં, કેવો ગુપ્ત અવાસજી,
ક્ષીરરે ભોજન તારૂં રાણી શું કરૂં, નથી ભોગની આશજી-ભિક્ષા
વાસી જંગલના જોગી અમે, નહી ગામમાં વાસજી,
વિષની વેલીથી અળગો રહું, નહિ નારીનો પાસ-ભિક્ષા.
* ભગવાં લેઈ રાજા ભરથરી, દાવાનળ દીલ થાયજી,
માઈ ન કહો મારા કંથજી, લાગે દેહમાં લાયજી-ભેખરે.
* વધુરે શું વદું રાણી પીંગલા, કરૂં કેટલો ઉચ્ચારજી,
બંધુ જેવોરે બંધુ તજ્યો, માર્યો વચનનો મારજી;
હવેરે રાજને રાણી શું કરૂં ?

* વાંકીરે વિધાતાએ મને ભુલવી, લખિઆ લેખ લલાટજી,
આનું રે પ્રાયશ્ચિત હવે શું કરૂં, મારગ આપો પૃથ્વીમાતજી-ભેખ.
ત્રણુશો નારીરે અન્ય આપની, માલવપતિ મહારાજજી,
એકને કારણે એને નવ તજો, પાપી પીંગળાને કાજજી-ભિક્ષા.
મોહ છોડી હે રાણી પીંગળા પ્રીતે કર સત્સંગજી,
સગુરે નથી કોઈ કાઇનું, આ સંસાર પતંગજી-ભિક્ષા.
દેતી હોય તો દે મુને, નહિ તો કરૂં ગૃહ ત્યાગજી,
ગુરૂજી મારારે શોશે થશે, ચાલી જાય જમાતજી-ભિક્ષા.

ભરથરી— (ભરથરી નાટક.)

પિતાજી આ કોપ તમે શો કર્યો જોઓ વેષ બાપુ. શીદને ધર્યો,
મરી ગઇ છે માત, વળી જાઓ તાત;
પિતા અોથ કોની છે, ઓરમાન માત;
નબાપી કરી, બાપુ જાશો નહી;
પિતા પાછળ નહીં જીવું. હુ તો સહી.

ભરથરી— (રાગ લાવણી ભજન.)

દેખા નહી કછુ સાર જગતમેં, દેખા નહી કછુ સાર,
મોહ બીસે મત લપટો યારો, દેખા નહીં કછુ સાર-જગત.
ચૌદ ચોકડી રાજ ચીલે પન, તૃષ્ણાકા નહીં પાર,
ભોગ ભોગને ઈંદ્ર અપ્સરા, તૃપ્તિ નહીં લગાર (૨)-જગત.
જુઠા રંગ રૂપમે ભુલી ક્રીડા કરત ગમાર;
રૂપ વીર્યબલ નાશ હુવા તબ નહીં હે અપની નાર (૨)-જગત.

પ્યારી મેરી જાની પીંગલા, ડુબ રહા એક તાર,
તોબી કીયા કૃતઘ્ની રાણી, અશ્વપાલકું યાર (૨)-જગત.
અલ્પ જગતકા યેહી તમાશા, દુઃખ હે અપરંપાર,
બેશક ઇનકા ત્યાગ કરો તુમ, ફેર પસ્તાના યાર (૩)-જગત.
એહી ભરથરી નાર ભરૂંસેં, ભુલી હુતા ખુવાર;
એહી લેખસે જગત શીખ દઉં, નવ ડુબે સંસાર,
નવ ડુબો સંસાર-જગતમેં, દેખા નહી કછુ સાર-જગત.

ભરથરી— (રાગ મરશીયા)

હાય, કેમ આ સહેરો ઉજ્જેની રંડાપો, ઘણી થઇ છે
રાજાજી માફ રાખો,
બાણું લક્ષ માળવાના છો સ્વામી. કામ કેડીલા રૂપે ન ખામી;
ગોરે અંગે ભભુત શી જામીરે—હાય, કેમ.
એક બાજુ કૃષ્ણા તમારી રૂવે, ચંદ્રકળા ચોધારા નીર ચુએ,
બાપુ મુખે ન આજ કોઇ સુએરે—હાય કેમ.
મેહલે મેહલે વિલાપ છાયો છે, પવન શોકનો સઘળે વાયો છે;
કળકળતાં બાઇઓ ને ભાઈઓ છે રે—હાય.
ખાંધે લટકી શી ભગવી ઝોળી, આવ્યા વસ્ત્ર કયાં ગેરૂ ઝબોળી;
હાય હઇડામાં પ્રગટાવી હોળી રે- હાય.
નથી વિક્રમભાઇની કાંઇ આશા, કીધા કરમે એવા રે તમાશા,
એવું બીજાં જંગલ કયાંઇ વાસ્યાં રે—હાય.

ધણી નોધારાં અમને કરોમાં, આવું અણુધાર્યું પગલું ભરોમાં,
જાગી જીવતાં ચિત્તમાં ધરોમાં રે—હાય.

ચીમનલાલ— **(મરનાર પાછા ન મળે)**

જાનાર તો જાતા રહ્યા સદગુણ એના સાંભરે–સદગુણ
લાખો લુટાવો તો એ મરનાર પાછા ન મળે–મરનાર.
મરનાર અગ્નિમાં બળે જીવન અગ્નિ વીણુ જલે
રોયા કરે તે શું વળે મરનાર પાછા ન મળે–જાનાર.
વૈભવ મળે કીર્તી મળે લક્ષ્મી ગયેલી સાંપડે
એ સૌ મળે આ જગતમાં પણ મરનાર પાછા ન મળે
વૈદ્યો હકીમો ડાકટરો વિજ્ઞાનીઓ મોટા ભલે
ક્ષણ એક જીવન ના મળે મરનાર પાછા ન મળે
રોનાર કો રોશો ના બાપુ કાયદો કીરતારનો
જોનાર સહુ જોતાં રહે મરનાર પાછા ન મળે

સંસાર સાગર— **(પ્રેમની મોટર)**

ઘરને સંભાળી રાખતાં, વાડી જતી રહી
લટકાળીને લોભાવતાં લાડી જતી રહી
સીધી સડક જાતો હતો, ત્યાં થાંભલો નડ્યો
મોટર અમારા પ્રેમની, આડી જતી રહી
જાવું હતું હાદર ઉપર, પણ ભાન ન રહ્યું
એ મોહમાં માહીમની ખાડી જતી રહી

સંસાર સાગર— (જવાબમાં ઉંહું)

જવાનો રાતે રીસાઈ બેઠા, મનાવા ગઈ તો કહે કે ઉંહું
પૂછ્યું મેં છે કાંઈ ગુન્હો અમારો, કહોને કંઈ તો કહે કે ઉંહું
ગુલાબ ઢોલર ગુંથીને લાવી. પૂછ્યું કે એનાં ગમે શું તમને
નચાવી નચાવી જરાક હાંસી કરી મેં, ત્યાં તો કહે કે ઉંહું.
હું ચે તોપ્રાની ને એ હઠીલા, નમ્યું ન બે એકેય આપે
હૃદય કહે કે કલહ તજી દો, હઠીલી જીભે કહ્યું કે ઉંહું.

સંસાર સાગર— (નાજુક તબીયતવાળી)

હું તો નાજુક તબીયતવાળી, મારી તબીયતને સાચવજો
મારા મિજાજને સંભાળી, મારી તબીયતને સાચવજો
મમ્માની માનીતી હું છું, પપ્પાને બહુ પ્યારી
વાત કરે કોઈ ગુસ્સે થઈ તો ધડકે છાતી મારી
ઉઠી સવારે આઠ વાગતાં તરત જ ચા પીનારી
લેટ થાય જો મીનીટ એક તો, તબીયત જાયે મારી.

અરૂણોદય— (આછેરાં વાયલ)

તમે જો જો ન વાયદા વીતાવજો,
પીયુ પહેલી પેસેંજરમાં આવજો;
હાર તોરાથી સ્વાગત શોભાવજો–પીયુ.
ચિલ્કની કીનાર કોઈક વાયલ આછેરાં,
થોડાં હેન્ડબીલ હેર ઓઈલનાં લાવજોરે–પીયુ.

એક હારમોન્યમ પેરીસનું લાવજોરે
આવવાનો તાર મને આગળથી આપજો રે
તમે સામા સ્ટેશન પર સીધાવજો રે–પીયુ

રા' નવઘણ— (ચાર દિવસની ચાંદની)

જન શું ગુમાન રાખે, જીંદગી નથી સદાની
દીનચાર ખીલી, પલમાં ડુબી જવાની
રાવણ સરીખો બળીયો, યુદ્ધે ચડીને હાર્યો
સીતાપતિ શ્રીરામે, અભિમાન ઉતારી માર્યો–જન.
જયારે ઈંદ્રપદ લેવા, બળિને મતિ જ્યાં વ્યાપી
વામન સ્વરૂપે ત્યારે, ક્ષણમાં ભુમિને માપી–જન.

રા'મહીપાલ— (ચુમવાની મીઠી મઝા)

રીસાવામાં રસિકતા શી રીસાનારા રસિક જાણે,
રસીલીને મનાવામાં મઝા મીઠી રસિક માણે,
નથી પગવા પ્રિતમને જ્યાં વગર માને મનાવા શાં.
રસિક ને તે રીસાવું શું, અરે મારી બલા જાણે.
વિયોગી નેત્રથી અશ્રુ સરી પડતાં કપોલો પર,
મઝા એ ચુમવામાં શી, ચુંમેલાં હોય તે જાણે.

સર વસંતકુમાર— (કયાં સુધી)

એ કદરના પ્યારમાં જીવી શકાશે કયાં સુધી,
પ્રણય રાત્રિના વિચારે રહી શકાશે કયાં સુધી.

ટુકડા જીગરના થઇ ચુકયા છે પ્રેમના આઘાતથી
છે હૃદય બળતું વળી ટુકડા સંધાશે કયાં સુધી
મન અજબ મુઝાય છે મનને નથી ગમતું કંઇ
આમ જીવન આકરૂં મુજથી રહેવાશે કયાં સુધી

સિરાજુદ્દૌલા— (એની છબી)

એ ગઈ છતાં એની છબી આવે નજરમાં,
આંખો ગજબ જાદુ ભરી ખુંચી જીગરમાં.—
દેખાવમાં ભોળી છતાં જાદુ ભરી એ,
રાખે હજારો તીર કાતિલ વાંકી ભમરમાં.—
ગાલો મહીં લાખો ગુલોની લાલી છુપાવી.
ઉભી'તી નજાકત ભરી એ રશ્કેકમર ત્યાં.—
પરવા ન તાજો તખ્તની એ નાજો અદા પર,
વણમૂલ વેચાયા અમે માશુકના કરમાં.—

સિરાજુદ્દૌલા— (બુરા ભલાનો બદલો)

જેવા કરે છે કરણી તેવી તરત ફળે છે,
બદલો બુરા ભલાનો અહીંનો અહીં મળે છે.—
ઉંચે ચડે છે જ્યારે સહુને જે તુચ્છ ગણતા,
પટકાય જ્યારે નીચે ત્યારે સમજ પડે છે.—
હસતાઓને રડાવે રોતા ઉપર હસે જે,
રોનાર તેને કોઇ આખર નહીં રહે છે.—
આપ્યા વિના ન મળશે વાવ્યા વિના ન ફરશે,
ઇન્સાફ એજ કુદરત અહીંનો અહીં રે છે.

નીર્દય નીરો— (બંને હાથ ખાલી)

નભતી નથી ન નભશે કાયમ સદાએ શાહી,
રહેતી નથી ન રહેશે હુસ્નાઈ બાદશાહી,
પહોંચ્યાં હજુરે વાલી લઈ બન્ને હાથ ખાલી,
સીકંદરો સીધાવ્યા લીધું ન સાથ કાંઈ—નભતી.
હકુમત થતા હજુરો ભલ ભલા ભુપાલો,
ચાલ્યા તજીને દાવો પાસે ન પાઈ—નભતી.
રાજા અને પ્રજાઓ મુકી તમામ દાવો,
રંકો અમીર રા'ઓ દેવા જવાબ ત્યાંહી—નભતી.

ગઝલ—

અય હકીમો જાવ દુનિયામાં દવા મારી નથી
હું ઈશ્કના બીમાર છું બીજી બીમારી એકે નથી —અય
મારૂ દીલ લઈને મને પુછયુ કે તુજ દિલ કયાં ગયું
મે કહ્યું કે તેં લીધુ મશ્કરી મારી સારી નથી —અય
પ્રેમની પ્યાલી મહી લાખો દિવાના થઈ ગયા
એ બંધ જળ મોજા મહી લાખો જનો ખેંચાઈ ગયા—અય
આશા મહીં અથડાઈને લાખો નિરાશા થઈ ગયા
લાખો બીચારા દેહના બલીદાન અતે થઈ ગયા —અય
દિલદાર તારા ઈશ્કમા વન વન ફર્યો મજનું બની
ચીરા પડયા ચર છતાં પરવા તને મારી નથી —અય

સાકી નથી તો કંઇ નથી મદિરા નથી તો કંઇ નથી
પ્રેમી જનોને પ્રેમના પ્યાલા નથી તો કંઇ નથી —અય
ઉપવન મહી પુષ્પો ઉપર ભમરો નથી તો કંઇ નથી
આશક ઉપર માશુકની માયા નથી તો કંઇ નથી —અય

ઇશ્કના આનંદમાં અંજામની પરવા નથી
મીઠી સનમની ગોદથી નિજ ધર્મની પરવા નથી —અય
આશક બન્યો છું ઇશ્કનો મુજ ધર્મની પરવા નથી
બદનામ થઇ ચુકયો હવે સદ નામની પરવા નથી —અય

જુલ્મો સીતમ સહેવા હવે હું સાવ શક્તી હીણ છું
નિરદય નથી નીર્દય એ મશ્કરી સારી નથી —અય
મરવા પછી દિલદારના આંસુ વડે નવરાવજો
તેના કદમની ખાખ મારી આંખમાં અંજાવજો —અય

સુગંધ ને બદલે કફનમાં ખાખ છંટાવજો
આશક તણા સબને માશુકના પહાડ પર દફનાવજો —અય
આશક તણી ચીતા ઉપર તું આજ કરજે પ્રાર્થના
મરનારને મરવા પછી જુલ્મની ગજાની નથી
અય હકીમો જાવ દુનિયામાં દવા મારી નથી.

ગરીબની હાય— (મીઠીજીભે બોલાવનારૂ)

આંસુ અમારા દીનના લુછનાર આજે કોણ છે?
ભુખ્યા જમ્યા એ પ્રશ્ન પણ પુછનાર અમને કોણ છે?

તરસે મરી જઈએ અમે પાનાર કે પાણી નથી,
મીઠી જીભે બોલાવનારૂં કહો અમોને કોણ છે?
શુ...શુ તિરસ્કારે બધા....પણ દાદ કો દેતું નથી,
'રૈઆવ' સરખો શબ્દ પણ કહેનાર અમને કોણ છે?
રડનાર પર હસનાર આજે લાખ દુનિયામાં હશે,
રડનારની સાથે રડે પણ એક એવો કોણ છે?

ગરીબની હાય— (મોહોબત કેવી જોઇયે)

કદી તોડી નહિ તુટે...અગર છોડી નહિ છુટે,
ન છેલ્લા શ્વાસ પર ખુટે....મહોબત હો તો એવી હો!
પતંગા દાઝતાં દીવે....છતાં એની ઉપર જીવે!
મરે પણ પ્રેમરસ પીવે...મહોબત હો તો એવી હો!
મધુકર રસ પીવા જાતો...કમળમાં કેદ પૂરાતો,
મૂઝાતો ને ફના થાતો... મહોબત હો તો એવી હો!
મરે છે ચાતકો તરસે...અમી-વર્ષા હવે વરસે,
જીવન આશે ખતમ કરશે....મહોબત હો તો એવી હો!

વીણાવેલી—

કાયા કાચો કુંભ છે જીવ મુસાફર પાસ;
તારો ત્યાં લગી જાણજે, જ્યાં લગી શ્વાસોશ્વાસ,
સદા સંસારમાં, સુખ દુઃખ સરખાં માની લઇએ,
રાખે જેવી રીતે રામ, રંગે તેવી રીતે રહીએ—સદા૦

સાખી—પીંપળ પાન ખરતાં હસતી કુંપળીઆં,
મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડીઆં,
દશાના ઢંગ, રૂતુના રંગ, જેવા દેખી લઈએ—સદા૦
સાખી—કદી મહેલ ને માળીઆ, કોમળ છપ્પર ખાટ
કોઈ દીન એવો આવશે, ભુખ્યા ન મળશે ભાત—સદા૦

બલીરાજા—

મારી સજની તું કયાં રમી આવી રજની સાચું બોલ, બોલ, બોલ,
શાણી સૈયર, શીદને આળ ચડાવે, કેડો છોડ, છોડ, છોડ,
હમણા માળા ગુથી હતી; ને હમણા કેમ કરમાણી
પરસેવો તને કયાં વળ્યો, તારી ભમ્મર કયાં ભીંજાણી-સાચું
કાળો ભમરો શીર પર બેઠો, ઉડાડતાં ગભરાણી,
લાપોટે લટ છુટી ગઈ, મારી ભમ્મર ત્યાં ભીંજાણી-કેડો૦
કસ્તુરી તારા અંગે મ્હેકે, કુસુમ કળીના હારો,
નયન રહ્યાં નાચી નવેલી, મળીયો કોણ ઠગારો-સાચું૦
ચંદન સરોવર નાહવા ગઈતી, વાટે મળ્યો એક માળી,
છાબ ભરીને ગજરા આપ્યા, હું તો તમથી હારી-કેડો૦

છપાવી પ્રસિદ્ધ કરનારઃ-બુકસેલર શા. જેચંદ સુરચંદ.
ગવર્નમેન્ટ તાર ઓફીસ સામે, ટાવર રોડ-સુરત.
છાપનારઃ-ગોવિન્દજી ડાહ્યાભાઈ નાયક.
શ્રી 'અનાવિલ બન્ધુ' પ્રી. પ્રેસ, બરાનપુરી ભાગળ-સુરત.